# SHREE VASISHTHA VIDHYALAYA

**Gujarati 3rd Language Worksheet 2026-27**

Std.:- V - ________

Name : - ____________________

Date : - ________

Roll No. :- ________ Worksheet No.TA1-02

અ થી ઐ ની માત્રા સુધીના બધા પાઠ (પેજ નં ૮ થી ૪૩)

## અપઠિત ગદ્યાંશ

કોયલ મીઠો અવાજ ધરાવતું પક્ષી છે. તેનો રંગ સામાન્ય રીતે કાળો હોય છે. કોયલ મોટાભાગે ઝાડ પર રહે છે. તે ફળ, અનાજ અને નાનાં જીવજંતુઓ ખાય છે. વસંત ઋતુમાં કોયલનો મધુર અવાજ વધુ સાંભળવા મળે છે. તે પોતાનો માળો બનાવતી નથી, પરંતુ બીજા પક્ષીઓના માળામાં ઈંડાં મૂકે છે. કોયલ "કુહૂ... કુહૂ..." બોલે છે. તેના મધુર અવાજથી વાતાવરણ સુંદર અને આનંદમય બની જાય છે, તેથી કોયલ આપણું પ્રિય પક્ષી છે.

પ્રશ્ન-૧ ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

(૧) કોયલનો રંગ કેવો હોય છે?

કોયલનો રંગ કાળો હોય છે.

(૨) મીઠો અવાજ ધરાવતું પક્ષી કયું છે?

મીઠો અવાજ ધરાવતું પક્ષી કોયલ છે.

(૩) કઈ ઋતુમાં કોયલનો મધુર અવાજ વધુ સાંભળવા મળે છે?

વસંતઋતુમાં કોયલનો મધુર અવાજ વધુ સાંભળવા મળે છે.

(૪) કોયલ શું ખાય છે?

કોયલ ફળ, અનાજ અને નાના જીવજંતુઓ ખાય છે.

(૫) કોયલ ક્યાં રહે છે?

કોયલ મોટેભાગે ઝાડ પર રહે છે.

પ્રશ્ન-૨ ખાલી જગ્યા પૂરો.

(૧) મિહિર ....તબલાં.... લાવ્યો.

(૨) દાદીમાએ ....ખીર.... બનાવી.

(૩) ઢીંગલી ....રીનાની.... હતી.

(૪) ટેટી બહુ જ ....ગળી.... છે.

(૫) તરબૂચ ....લાલ.... રંગનું હતું.

(૬) ....વૈભવ.... લશ્કરની ગાડી અને બંદૂકો લાવ્યો.

(૭) લાડુ ....મીઠાં.... છે.

(૮) ભીમના માતા ....કુંતી.... છે.

(૯) બધાએ ....કેરી.... અને ....કેળાં.... ખાધાં.

Scanned with OKEN Scanner

પ્રશ્ન-૩ પાઠના આધારે નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

(૧) નિધિ શું લાવી?

નિધિ સિતાર લાવી.

(૨) ગીતાની મોટી બહેનનું નામ શું હતું?

ગીતાની મોટી બહેનનું નામ વાણી હતું.

(૩) ઢીંગલી માટે નવી સાડી કોને બનાવી આપી?

ઢીંગલી માટે નવી સાડી દાદીમાએ બનાવી આપી.

(૪) કોણ ઉદાસ થઈ ગયું?

રીના ઉદાસ થઈ ગઈ.

(૫) નૈતિક શું લાવ્યો?

નૈતિક એક વિમાન લાવ્યો.

(૬) ટેટી કોણે કાપી?

ટેટી પૂજાએ કાપી.

(૭) લાડુ કોને બહુ ભાવે છે?

લાડુ ભીમને બહુ ભાવે છે.

(૮) ઋષિ ક્યાં ચાલ્યા?

ઋષિ તપ કરવા ચાલ્યા.

(૯) બધા બાળકો ક્યાં ગયા હતા?

બધા બાળકો ખેતરમાં ગયા હતા.

પ્રશ્ન-૪ નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(૧) ઇલા ડમરું લાવી. [ ✗ ]

(૨) ખીર ખાઈને વાણી બહાર ગઈ. [ ✗ ]

(૩) વાર્તાનું નામ ભોળી છોકરી હતું. [ ✓ ]

(૪) ઉંદરડીએ ઢીંગલીની સાડી કોતરી નાખી. [ ✓ ]

(૫) માળી કાકા તરબૂચ અને પપૈયું લાવ્યા. [ ✗ ]

(૬) બાળકો લીમડાના ઝાડ નીચે બેઠાં. [ ✗ ]

(૭) પરેશે વાઘની ત્રાડની નકલ કરી. [ ✗ ]

પ્રશ્ન-૫ નીચેની સંખ્યા અંકમાં લખો.

(૧) પચ્ચીસ - ૨૫

(૨) સાડત્રીસ - ૩૭

(૩) છેતાળીસ - ૪૬

(૪) અઢાર - ૧૮

(૫) સોળ - ૧૬

(૬) નવ - ૯

(૭) અડતાળીસ - ૪૮

(૮) ઓગણચાળીસ - ૩૯

(૯) પચાસ - ૫૦

પ્રશ્ન-૬ નીચેની સંખ્યા શબ્દોમાં લખો.

(૧) ૩૫ - પાંત્રીસ

(૨) ૨૭ - સત્તાવીસ

(૩) ૧૫ - પંદર

(૪) ૮ - આઠ

(૫) ૧૭ - સત્તર

(૬) ૧૩ - તેર

(૭) ૪૦ - ચાળીસ

(૮) ૪૫ - પિસ્તાળીસ

(૯) ૨૨ - બાવીસ

Scanned with OKEN Scanner